॥ ॐ ॥

अविद्यानो जुल्म,

કર્તા.

શાહ. વર્ધમાનદાસ સ્વરૂપચંદ.

ઈડર

(મહિકાંઠા.)

પ્રથમાવૃત્તિ પ્રત ૨૦૦૦

અમદાવાદ

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રિં૦ અને જનરલ એજનસી કંપની લિમીટેડના પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપ્યો.

ઇસ્વી ૧૮૯૮ સંવત ૧૯૫૫.

કિંમત ૭ પાઇ.

વિજ્ઞપ્તિ.

પ્રિય વાચક વર્ગ ! આજે હું આ નાનકડા પુસ્તકના રૂપમાં તમારા હાથમાં આવી મારો ઉદ્દેશ જણાવતા અગાઉ મારા લેખકના છાદ્‌મસ્થીક દોષ માટે ક્ષમા પ્રદાનાર્થે તેની વિજ્ઞપ્તિની દરખાસ્ત રજુ કરી વિદીત કરૂં છું કે, આજ કાલ આર્ય વૃતમાં નાના મોટા વિદ્વાનો ઠામ ઠામ પુસ્તકો છપાવાના યત્નમાં મંડ્યા છે, તેથી અલબત જ્ઞાનનો પ્રસાર વધ્યો જણાય છે. તોપણ ગ્રંથ કર્તાઓ જુદા જુદા આશયોવાળા હોવાથી અંતઃકરણને કંટાળો ઉપજાવનારાં અને સસ્તી કીંમતે વેચાતાં લખાંણો ઊકરડાની પેઠે વધી જવા લાગ્યાં છે, તેથી જ્યાં જોઇએ ત્યાં તેવા લખાણો ઠોકરમાં આવે છે અને મનપર સારી અસર કરનારાં સંગીન લખાણના લેખકો એમ સમજે છે કે કચરાની ટોપલીને લાયક થનારાં હલકાં લખાણોની પેઠે આપણાં સંગીન લખાણ સાંધે ભાવે શા માટે વેચવાં જોઇએ ? અલબત હીરાની પરિક્ષા ઝવેરિ કરે છે, તેમ કદરદાન પુરૂષો વડે તેની કદર થવાનીજ. કીંમત વધારે રાખવાથી માત્ર શ્રીમંત વર્ગ સીવાયના સાધારણ માણસો તેનો લાભ લેવાને કમ નસીબ થાય તેથી કદાચ જુજ કીંમત રાખી હોય તો વ્યાજબી છે પણ લખાણનો તફાવત શી રીત્યે સમજાય ? એટલે વાસ્તવીક રીતે જોતાં તે પ્રમાણે જાસ્તી કીમત રાખવીજ જોઇએ, તોપણ આ પુસ્તકની માત્ર છપાઈ કીંમત રાખવામાં આવી છે તે એટલાજ માટે કે ગરીબ અને તવંગર સર્વ માણસો તેનો લાભ લેઈ શકે તો પણ આ પુસ્તક પ્રસુત્ પામ્યા પછી અનેક વિઘ્નો આવશે એમ અનુંમાન થઈ શકે છે તે આવ[illegible] રીત્યે કે "તત્વજ્ઞાન પ્રકાશ ભાગ-૧ લો" એ નામનું પુસ્તક બ[illegible] પડતાની સાથે તળ ઈડરમાંથી કિંમત આપી ખરીદનાર કરતાં [illegible] કિંમતે ફોકટ મેળવવાના પુરા પ્રયત્નમાં પડેલા—ઓની સંખ્યા [illegible]રાણું જથા બધ જણાઈ, અને જેઓ આગળથી ગ્રાહક થયા હ[illegible] ઓમાંના કેટલાક* "અમે તો સહીજ કરી નથી અમે [illegible]

ઈડરના તેમજ બહાર ગામના, માણસો આપવાં આ ઠેકાંણે ઉચિત ધાર્યા નથી, પણ ય

રાખતા " અમને તો મફત આપો તો ભલે પણ અમે તો કિંમત આપવાના નથી બે દીવસમાં વાંચીને પાછી આપીશું ઇત્યાદિ ફાવે તેમ બોલવા લાગ્યા અને આખરે થયું પણ તેમજ એટલે કે જે મારો ખાસ સુભેચ્છક વર્ગ હતો તેને તો તેની એકેક પ્રત બક્ષીસ આપી એટલુંજ નહિ પણ પેલા ફાંકડિયાઓને પણ મારે તો તેમની દાક્ષિણ્યતાને લીધે પુરી પાડવીજ પડી. તે ઉપરાંત, આગળથી આ-શ્રય આપનાર પૈકી કેટલાક પુસ્તક વાંચી પાછું આપવા લાગ્યા કેટલાક પુસ્તક રાખ્યા છતાં પૈસા આપવાની ના પાડવા લાગ્યા, આખરે કેટલાએકે પુસ્તક પાછાં મોકલ્યાં, પણ પૈસા ના આપ્યા અને કેટલાકે તો એક કરતાં વધારે પુસ્તકો રાખ્યા છતાં પૈસા કે પુસ્તક બેમાંનું એકે પાછું ના આપ્યું, અલબત તેમણે તેને પાયમાલ કરવાનો ઇરાદો કર્યો હોય એમ સૌને જણાવા લાગ્યું પણ જ્વર પિડિત પુરૂષને ક્વીનાઇન પીતાં કડવી લાગવાથી તે વખતે અપ્રિતી થાય, અને પછીથી જ્યારે તેના વડે જ્વર રહિત થાય છે, ત્યારે આનંદ પ્રદ થઈ પડે છે; તેજ પ્રમાણે મારા લેખકને પોતાના પદરના ખર્ચે છપાવેલ પુસ્તકોની મોટી સંખ્યા વિના કિંમતે આપવાની જરૂર પડી તેથી અલબત તેને ખેદ થયો હતો, પણ પોતાના સ્વદેશી બંધુઓને ઘેર ઘેર પોતાનું પુસ્તક પ્રેમ પુર્વક વાંચતા જોયા એટલે પોતાનો પાછલો ખેદ છોડી દેઈ એથી પણ અધિક આનંદ નિમગ્ન થયો, દરમીયાન શ્રી-ઇડરના નામદાર મહારાજા, તથા વડોદરા-જુના-'ઢ-ભુજ વિગેરે, બીજા રાજા મહારાજાઓ, અને સ્વદેશી વિદેશી, શ્રીમંત તથા સાધારણ વર્ગના માણસો તરફથી જોઇએ તે કરતાં પણ ક ઉત્તેજન મળ્યું, અને હવે પછી પણ મળશેજ એમ ખા-પુર્વક મારો લેખક માને છે કારણ કે ઉત્તેજન આપનાર મા-કોઈ દીવસ પાછા હઠતાજ નથી. અલબત દુર્વૃતિ માણસોની જ્યાદે હોય છે તો પણ ઉત્સાહ વધારનાર થોડાઓની પણ " આગળ તેઓ જય પામી શકતા નથી, તેથી હવે, ગ બંધુઓને લાભ આપવા હિંમત ધરાવે છે, પણ એ કે, આ નાનકડા પુસ્તકનો બહોળો ફેલાવ

થાય તેમ કરજ્યો, પૈસા દેશમાંને દેશમાંજ રહેવાના છે, લાભ પણ દેશનેજ થવાનો છે, છ પાઈ કંઈ ભારે કિંમત નથી માટે કોઇએ મફત મેળવના ઇરાદામાં નહિ દોરાતાં મારા લેખકને રોકડો આપી દેજ્યો. અથવા એક ટીકીટ મોકલજ્યો હવે મારો ઉદ્દેશ શો છે તે બતાવુંછું કે અમુક પરિક્ષા પસાર કરી એટલે-આપણને જ્ઞાન મળી ચુક્યું એમ સમજવાનું નથી પણ ખરેખરૂં જ્ઞાન થયું ક્યારે કહેવાય તેનું સ્વરૂપ બતાવી તેને પ્રાપ્ત કરવાનો ક્રમ બતાવી, અવિદ્યા જે તજવા યોગ્ય છે. તેનો નિષેધ અને તે નિષેધની વિધી બતાવી, તમારે જાતે સુખી થવાનો અને તમારા તનુજોને ભવિષ્યમાં દીન પ્રતિ દીન વધારે સુખી થવાનો રસ્તો બતાવવાની યોજના કરવી ઉચિત ધારી છે તે વિદિત કરી હવે મારો વિષય પ્રારંભે છે; કેટલાક માણસો ભાષાની સૌંદર્યતા ઉપર મોહિત થઈ જાય છે, અ-ર્થાત જેમાં કઠીણ અને અજાણ્યા સંસ્કૃત શબ્દો હોય તેને પસંદ કરે છે પરંતુ તેવું લખાણ આ દેશના સાધારણ માણસો બીલકુલ સમજી શકતા નથી તેથી તે સર્વને માટે નિરૂપયોગી થાય, અને અત્રે પ્રયોજન માત્ર સાધારણ બુદ્ધિના માણસોને માટે છે તેથી તેવું લખાણ લખવા મારા લેખકે બીલકુલ વલણ રાખ્યું નથી.

ॐ.

अविद्यानो जुलम.

આપણા લોકોમાં ઘણી નાતમાં માબાપો પોતાનાં બાળકોને નાનપણમાં પરણાવે છે. બાળલગ્નનાં બુરાં પરિણામથી કોઈ ભાગ્યેજ અજાણ્યુ હશે, છોકરાનો વિવાહ (વેવીશાળ) થયા પછી વાર તહેવારને દીવસે વહુને તેડવામાં આવે છે, અવિવાહિત કુંવારી વહુ આવી કે તરત ઘરનાં નાંનાં મોટાં માણસો નિર્દોષ—શાળામાં ભણત. બાળકની ઠઠ્ઠા મશ્કરી કરી તેની વૃત્તિયોને વિકારવાળી બનાવવાને: માઠો યત્ન કરે છે. આમ થવાથી, કુમળી. ભણવા યોગ્ય ઉમરના પુત્રનું ચિત્ત કાંતો ભણવામાંથી ઉઠી જાય છે અને કાંતો ધાકથી તેને નિશાળે જવું પડે તો તે તન અને મનનો નિર્બળ બની ગયા વિના રહેજ નહિ, અડધું ભણ્યો ન ભણ્યો એટલામાં તો માબાપો તેને પરણાવી લ્હાવો લેઈ પોતાની આંખો ઠારવા* આતુર બને છે, દીકરાને પરણાવ્યો એટલે સીક્ષણ માટે તો ધબાયનમ: ? શાળામાંથી તેને લાગલોજ ઉઠાડી મુંકવામાં આવે છે, અથવા તો તે વર રાજા પોતેજ શાળા છોડી દેઈ સંસાર સુખનો ભોક્તા બને છે, કદાચ સેંકડે પાંચ દશ જણાઓ પરણ્યા પછી પણ અપવાદ દાખલ પરંતું શિક્ષણ લેવાને ભાગ્યશાળી બને તો પણ " બ્રહ્મચર્ય " ના અનુંપમ લાભથી તે બાપડાઓ કમ નસીબજ રહે છે, અને બ્રહ્મચર્ય વિનાની તેમની વિદ્યા નિસ્તેજ અને નિર્માલ્ય સરખા બનાવી દીધા વિના રહેતી નથી, પરણ્યા પછી તરતજ ભણી પરવારેલા બાળકો જેઓ 'રણ્યા છતાં શિક્ષણ ચાલું રાખેલું હોય છે, તેવા બાળકો કરતાં ક્ષણ રીત્યે ઘર સંસાર ચલાવવા મંડી જાય છે, શિક્ષણ લેતા બાળકો પરણેલા છતાં રૂઢી માબાપને લીધે સ્ત્રીના સહવાસમાં અને

---

*વાસ્તવીક રીત્યે ખરૂ જોતાં તેઓ " પોતાની આંખો ઠારવા આતુર બને છે " એમ નહી પણ પોતાનાં બચ્ચાંને ગરદન મારવા આતુર બને છે.

સમાગમમાં આવેલા છતાં ભણી પરવારેલા રાજેશ્રીઓની પેઠે છેક નિરંકુશ બની જતા નથી, તે બાપડાઓ શિક્ષણ લેવા આડે નવરા થાય નહિ. અને જો તેઓનું ચાલે તો " પાસ " થવાની લગનીમાં એ વખત જમવા આવતાં ઉપરાંત ઘેર પણ આવે નહિં પરંતુ ઘરના માણસોનું લફરૂં. ક્યાં જેવું તેવું હોય છે, માતાજીજ મરડાઇને કહેશે કે " મોટા ઘોડા જેવો થયો છે પણ કંઈ અક્કલ છે ? જ્યાં ત્યાં બટકતો ફરે છે ઘેર વહુ આવી છે અભ્યાસ તો નિત્ય કરવાનો છે જ તો ? રાતના દશ દશ વાગતા સુધી ઘરની બહાર રહેવું હવે શોભતું નથી ? " બ્હેન કહેશે કે. " એકલી તે ક્યાં સુધી તારી વહુ સાથે બેસી રહું ? શું મને ઊંઘ નહિ આવતી હોય ? એ તો વળી એકલી ઓરડામાં જઈ કે રહી શકતી નથી. શું એટલી રૂડી લખવા જાઓ છો ? રાતના ઘરમાં રહેતા હોતો બીજાને પીડાતો ન પડે ? " ભોજાઈ તો વળી દિયરજીને કંઈ નિરાળા જ પ્રકારનું કહી, નહિ કરવાની મશ્કરી કરશે. આવા પ્રકારથી કેટલાક નબળા મનના બાળકોને શરમના માર્યા અભ્યાશ તજી દેવાની જરૂર પડે છે, કેટલાકને ઘરમાં આવા પ્રકારની અડચણ હોતી નથી તો રાત્રીએ ભાર્યાજ કહેવા લાગે છે કે " શું હવે એકલા ટક ટક કરો છો ? શું આખી ઉમ્મર ભણ્યાજ કરશો, ? પરણ્યા પછી એક દહાડો પણ નિરાંતે વાતચિત કરી નથી, હું તમારા ઘરમાં આવીને જરા પણ સુખ તો પામી નહી, તમે આખો દહાડો અને રાત અભ્યાસ કરવામાં ગાળો છો ? તમને ક્યાં દીન દશાનું ભાન છે નણંદ અને જેઠાણીના ઓશીઆળા રહી મ્હેણાં ટોણાં ખાવાં પડે છે, જો તમે કંઈ કમાતા થયા હોત તો આવું સાંભળવાનો વખત આવત નહિ. બાપડાઓને અભ્યાસમાં એ આ ઓછી વિપત્તિ છે ? ? ? વળી સાસુ વહુ લડી પડે તો માતાજીનું ઘેર વ્યાજબી પણ ઉપરાણું લઇને સ્ત્રીને માર માર્યા વિના તે બાપડાનો છૂટકો થાય નહી, જો તે તેમ કરવાને રાજી કે નવરો થાય નહી, તો " વહુના કહ્યા પ્રમાણે ચાલે છે વહુએ વશિકરણ કર્યું છે. માબાપની આજ્ઞા પાળતો નથી. અને બાયડીનો પક્ષ કરી સામો થાય છે." એવા તેના

ઉપર આરોપ મુકવામાં આવે છે, આ પ્રકારના સંતાપમાં તે બીચારાથી શાન્તપણે એકાગ્રચિત્તે શી રીત્યે અભ્યાસ થઈ શકે ? કદાચ તેવા પ્રકારનાં કષ્ટ સહન કરીને પણ તેણે અભ્યાસ આગળ ચલાવ્યો, અને તેવામાં ભોગ જોગે સંતાન પ્રાપ્ત થયું, તો પછી જોઈ લ્યો તેની મઝાહ ? ઘરના કહે એ વાતો તો ઠીકજ છે, પણ ઓળખીતા પાળખીતા અને આડોસી પાડોસી ડોસાડોસી વીગેરે પજવણીની શરૂઆત કરવા મંડે ? હવે તો બાઈ ભણવું છોડી દ્યો. ભણવા જોગ તો સંતાન થયું, " આને છતાં એ સર્વથી નહી ડગતા ધૈર્યથી સંપૂર્ણ શિક્ષણ લીધા પછીજ તેણે વિદ્યાભ્યાસ કરવો તજી દઈ ઘર સંસારમાં બરાબર રીત્યે જોડાયો તો તેનો ઘર સંસાર કેવા પ્રકારનો દૃષ્ટિ ગોચર થાય છે એટલે તે પુરૂષ પત્નીના સબંધમાં કેટલો હિતાવહ અને સુખદાયક નીવડે છે, તે વિષે આપણે અહિયાં વિચાર કરવો બહુ જરૂરનો છે, તો પણ પરણ્યા પછી તુર્તજ ભણી ઉતરેલા રાજાઓને આપણે તે પહેલા તપાસી જઈએ; કારણ કે તેના જેવાઓથી આજ કાલ આપણો દેશ, આપણી જ્ઞાતી અને આપણું કુટુંબ મોટી સંખ્યા ધરાવતાં થયાં છે.

ભણી ઉતરેલા રાજાઓને બાપની દુકાન હશે તો, દુકાનેથી દીવસમાં પચીસવાર ઘેર ફેરા ખાશે. અને ઘરનાં કોઈ માણસ ન હોય તેવો લાગ સાધી બાયડી સાથે વાત ચીત કરવાની ઉત્કંઠા ધરાવતો હશે. ભુલ્યે ચુકે વહુએ આડી નજરે જોઈ લીધું અને તે સાસુજીના જાણવામાં આવ્યું કે જોઈ લ્યો ફજેતીનો ફાળકો " હલકા–કુળની–મર્યાદા વિનાની–નિર્લજ–રડચો રખવાયો ઢોર–બેશરમો–નિરૂધમી-નવરો વીગેરે કઠોર શબ્દ પ્રહાર આવા બાળ–એટલે તરૂણ ધણી ધણીઆંણી ઉપર થવામાં મણા રહેશે નહિ. ઘરના માણસોના દેખતાં તેમનાથી અગત્યની પણ વાત થાય નહી. વહુથી ઉચે અવાજે બોલાય નહી, અને વરથી વહુ કને મોટેથી કંઈ પણ વસ્તુ મંગાય નહી, આખો દીવસ તેમણે પરસ્પર અબોલ–મુંગા રહેવુંજ જોઇએ, અને રાત્રીએ કલાક બે કલાક જો બન્નેને મળવી રાશી હોય, તો સુખ દુઃખની વાતો કર્યા પછી તો નિંદ્રા દેવીને સ્વાધીન

થવું પડે ? પુરૂષ પત્નિની પરસ્પરની ફરજો એ બાપડાઓ શી રીત્યે અદા કરી શકે, દીવસે સાસુજીની આકરી આજ્ઞાઓ ઊઠાવી, પાણી ભરવું-દરણું દળવું, વાસણો માંજવાં, વાસીદું કહાડવું, અને રસોઈ કરવી ઈત્યાદિ મજુરી કરીને વહુ થાકી રહ્યાં હોય અને તેથી વખતે રાત્રીએ સ્વામી સમાગમે તેખ તરફડો કરી રૂસણા જેવું મ્હો અને પીઠ ફેરવી ઊંઘી જાય-તો એ પ્રકાર પણ બનવા જોગ છે, આવી રીત્યે ઘરમાં નાના પ્રકારની મુઝવણ થતી હોવાથી તે તરૂણ દંપતિને માબાપથી નિરાળા રહેવાની ઈચ્છા થાય છે, અને તેમ નહી તો બાપ કે મોટો ભાઈ ગુજરી જાય, અને પોતાના હાથમાં સગળા કારભારની લગામ આવે ઠીક, એવું તે તરૂણ રાજેશ્રી ઇચ્છે છે; અને તેમનાં પત્નિશ્રી જેમ નણંદને સાસરે જવાના ઉતાવળે દીવસો ગણવા માંડે છે, તેમ સાસુજીની આવરદામાં ઓછા થતા દીવસોની પણ ગણત્રી કરવા લાગે છે ? તેવી અવસ્થામાં કોઈ જોશી જતીનું પણ કામ થઈ જાય છે, વહુ જોશી પાસે પોતાના લાભનો જોશ જોવરાવવા અને જતી પાસે કામણ ટુંબણ કરાવવા તત્પર થઈ જાય છે, તેમાં વળી એજ રસ્તે એકાદ દાગીનો વહુ ભોળાઇથી બરમાઇને આપી આવ્યાં તો તેમને અવળે ગધેડે બેસીને (પુરાં ફજેત થઇને) પિયરમાં પધાર્યા વિના છુટકો થતો નથી.

વળી જો સ્ત્રી કલેશી હોય તો વસ્ત્રાભુષણ ઈત્યાદિ માટે દરરોજ પતિને સંતાપે છે તેનો ચિતાર નિચેની વાત ઊપરથી ધ્યાનમાં આવશે.

એક થાકેલા શ્રીમંત શેઠે પોતાની શેઠાણીને પોતાના પગ ચાંપવાનું કહ્યું, એટલે એકદમ ક્રોધ કરી કહેવા લાગી કે પટરાણીની પાસે તેની નથનીમાં મણિ છે તેવા મણિને માટે મેં તમને હજાર વાર કહ્યું, પણ શંભાળતા નથી માટે મારાથી તો તમારા પગ ચંપાવવાના નથી, શેઠે કહ્યું કે એવો મણિ તો મળતો નથી એટલે શું કરૂં ! નહિ તો જે કીંમત પડે તે આપીને પણ લેવાને તૈયાર છું, એટલે જે મળી શકે એવી વસ્તુની તું હઠ કરતી હોય તો સારૂં માટે ઠાલી હઠ કરવાની જરૂર નથી, ત્યારે શેઠાણીએ કહ્યું કે " મણિ

કેમ મળે નહિ ? તમે તો મને સમજાવો છો ? હું તમારા કપટની બધી વાત સમજું છું ! પારકી બાયડીયોમાં જેનું ચિત્ત હોય તે પોતાની સ્ત્રી ઉપર શા માટે પ્રીતી રાખે ? તમે તમારે બીજી સ્ત્રી-યોને લાવી આપજો ને એટલે થયું ? મને આણી આપવાનું કામજ શું છે; મેં તો તમારા લખેશરીના ઘરમાં પડીને કશું પણ સુખ દીઠું નથી ? મારા માવીતરે તો મને રૂપાળું જોઇને તમારા ઘરમાં નાખી-પણ મારા કરમનોજ વાંક, તેમાં માવીતર શું કરે ? માવીતર તો જન્મ આપે, પણ કંઈ કમ આપી શકે ? દરમીયાન શેઠ કહે છે કે અરે મારૂં શિયળ વ્રત અખંડીત છે, માટે તારે પરસ્ત્રીનું ખોટું આળ આપવું જોઇતું નથી તેમજ તારે આટલો બધો ક્રોધ કરવો પણ ઉચિત નથી, પણ માત્ર સંપવડે આપણી સંપતિ પ્રમાણે મધુર વચનવડે તારે મારી પાસે દરેક વસ્તુ માગવી જોઇએ, વળી પ્રથમના તારા પીયરના દુઃખની સાથે હાલનું સુખ સરખાવી તારે દીન પ્રતિ દીન વધારે આનંદમાં રહેવું જોઇએ અને કદાચ મણિ ના મળ્યો તોએ શું ? એટલામાં તો શેઠાણી (ક્રોધાયમાન થઇને)–" મારા પીયરીયાં તમારે ત્યાં ક્યારે રોવા આવે છે, તે તેમનું નામ ચો છો ? છોને મારે ગરીબ છે તો તેમને ઘેર છે ? કાંઈ તમારે ઘેર તો આવતાં નથી " એમ કરી માથું કુટવા મંડી અને કહેવા લાગી કે માથુ કુટીને લોહી છાંટુ છું, કુવે પડીને પ્રાણ આપુ છું, કે ઝેર ખાઇને મરૂંછું, એમ કરી અનેક પ્રકારનાં પાખંડ કરવા લાગી એ-ટલે શેઠે ધીરજ રાખીને તેને શીખામણ આપી કે–" આ દુનિઆમાં મનુષ્ય દેહ ફરી ફરીને મળતો નથી, વળી આયુષ્ય તો અલ્પ છે કંઈ પણ સાથે આવવાનું નથી, માટે તું શાન્તિ રાખ્ય, " એમ કહ્યા છતાં કોઈ વાતને કાને ધરે નહિ એટલે મન માન્યાં વસ્ત્ર તેના આગળ ધર્યા, તેના પણ સામું જુએ નહી, અને બક્વા કર્યા કરે એટલે શેઠે આંખ્ય બદલીને કહ્યું કે–" ચુપ રહે બોલીશ નહી–ઇત્યાદિ તો પણ બક્વા કરતી અટકે નહી, તેથી શેઠે સોટી લેઇને શેઠાણીને ખુબ ઠોકી તો પણ તેણે બોલવું બંધ કર્યુંજ નહી,

આડોસ પાડોસના માણસો એકઠા થઈ ગયા શેઠને ઠપકો દેવા લાગ્યા. શેઠ ઊદાસ થઈ બારણે આવી બેઠો અને પરમેશ્વર પાસે મોત માગવા લાગ્યો.

આવી રીતે અનેક પ્રકારના સંતાપમાં પોતાના પતિને તાવતી સેંકડો સ્ત્રીઓ ઠામ ઠામ નજરે પડે છે, તેઓ વડે અનેક પ્રકારનું સંકટ વેઠતા જથાબંધ પુરૂષો આધુનિક સમયમાં હાય પોકારી રહ્યા છે તેનું કારણ માત્ર આપણા વડીલોની અવિદ્યા (અજ્ઞાન) અને બાળકોને યોગ્ય શિક્ષણનો અભાવ છે, અહિંઆં પુત્ર અને પુત્રી બન્નેને યોગ્ય શિક્ષણ અને વિદ્યાભ્યાસની જરૂર. સમજવી. (બાળક—જુવાન અને વૃદ્ધ એવા દરેક સ્ત્રી પુરૂષ માટે ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપનાર અમારો "સદબોધ રત્નાકર" ખરીદ કરવાને આગ્રહ પૂર્વક ભલામણ કરીયે છીએ) પણ જે બાળકોને યોગ્ય શિક્ષણ મલ્યા વિના સંસારમાં જોડાવું પડે છે, તેમનો સંસાર બગડે છે. સંસાર શી રીત્યે ચલાવવો તેનું તેમને ભાન હોતું નથી. પણ વિષય શેવનની લગનીમાં દોરાઈ નિર્વિર્ય બને છે, વખતે પોતાની સ્ત્રી પસંદ આવતી નથી, બીજી સ્ત્રીઓમાં ચિત પરોવે છે, વ્યભિચારી થાય છે, નિશ્ચાપત્તા કરે છે, ચોરી કરે છે, જુગાર રમે છે, ભક્ષાભક્ષ કે પેયાપેયને જોતા નથી; તેજ પ્રમાણે સ્ત્રીયો પણ વિષયની લગનીમાં દોરાઈ કામી થાય છે. તેવામાં વખતે પોતાનો પતિ પણ ગમતો નથી. તો બીજાઓ સાથે આડો વ્યવહાર ચલાવે છે, ફજેત થઈ, નાશી પણ જાય છે, ઈત્યાદિ અનેક પ્રકારના અતિશય ભોગ વિલાસમાં પોતાનું અલ્પ આયુષ પતાવિ દે છે અર્થાત ભોગવટે રોગને શરણ થઈ ઘણાજ અલ્પ કાળમાં મરણ પામે છે, તેથી સ્ત્રીયો રાંડે છે અથવા તો પુરૂષો રંડા થાય છે. એટલે જે જ્ઞાતિમાં પુનર્લગ્નનો* રીવાજ હોતો નથી તેવી સ્ત્રીયો અથવા જેને બીજી સ્ત્રી મળતી નથી તેવા પુરૂષો ખરેખર હલવાયા ઢોર જેવા અનેક પ્રકારે કામાધીન પણે અહિં તહિં પર પુરૂષોમાં અને પર સ્ત્રીયોમાં

*પુનર્લગ્ન નહિ કરવાનો માત્ર આ ઠેકાણે ઉદ્દેશ સમજવો.

જીવ રાખતા ખાવું પીવું ને ભોગવું તજી દઈ અહો નિરંતર વિરહ દુઃખમાં પિડા પામે છે, વખતે લાગ મળે તો કુકર્મ પણ કરી ચોપટ ચાવા થાય છે એટલે "સારા માણસના ઘરનું વગોણું અને જગતનું જોણું" થાય છે, વળી ઊત્તમો ત્તમ ધર્મ શીલ કુટુંબમાં અન્ય સ્ત્રી પુરૂષ વડે ઉત્પન્ન થએલાં બાળકોમાં ને કુળમાં પરંપરાથી ચાલતા આવેલા સદ સંસ્કાર પણ હોતા નથી, ઉદાહરણ તરીકે ઉત્તમ વર્ણની સ્ત્રી અને નિચવર્ણના પુરૂષ વડે ઉત્પન્ન થએલી પ્રજામાં ઉત્તમ વર્ણના સંસ્કાર હોતા નથી અર્થાત વર્ણ ભેદ થવાથી—સંસ્કાર ભેદ થાય છે, અરસપરસ એક એકનાં માઠા ઓજસનું સંમીલન થાય છે, તેથી આચાર વિચાર અને વિવેક નાશ પામે છે, અનર્થનાં ઊંડા મુળ રોપાય છે, પ્રજાનાં અને દેશનાં સદ બળ વિદ્યા અને શિક્ષણના અભાવે, નિર્વીર્ય થવાથી, વિષ્ટાનો કીડો વિષ્ટામાંજ આનંદ માને તેમ અનર્થ માંને અનર્થમાંજ આનંદ માની તેનાં મુળ સજ્જડ રોપાવાનાં પ્રયત્ન કરે છે, તે આવી રીતયે, કે ભોગ જોગે રંડાપાને પામેલી અબળાને વિષય માર્ગ મુકાવી ધર્મ માર્ગમાં પ્રવૃત્તાવવાના પ્રયત્નને પડતો મુંકી, વિષયની વૃદ્ધિ કરનાર પુનર્લગ્નનો નવો રીવાજ દાખલ કરવાને પ્રયત્ન કરે છે: વળી સ્ત્રીયો રંડાપણમાં પોતાના પતિના વિરહ દુઃખમાંથી મુક્ત થઇ અર્થાત નિર્વિષય વૃત્તિ કરી, જેની લાલ પતાકા સર્વે જગતમાં ફરકે છે તેવા નિર્મળ શિયળ વૃતને અંગીકાર કરવા તેની પતાકા (ધ્વજા) ના વર્ણની અર્થાત લાલ રંગની સીંદુરી ઓઢી, પોતાનો પતિ ગયો માટે હવે, શુધ્ધ શિયળ વ્રત ધારણ કરવા એકાન્તવાસ ધારણ કરે છે* તો પણ થોડી મુદતમાં હવે તો બહાર નિકળાય એમ કહિ તેને બહાર કાઢે છે ત્યાં પણ કોઇને પોતાનું મ્હો ન દેખાડતાં આખું ઓઢે છે* આટલી બધી વાર સુધી બિચારી અબળા સ્મર (કામ) ના સપાટાને બચાવી નિર્મલ રહિ શકે છે, તો પણ અવિદ્યામાં અંધ

*રાંડ્યા પછી તરતજ ખુણો પાળવામાં આવે છે.

*ખુણેથી નીકળ્યા પછી આખું ઓઢવામાં આવે છે તે.

થએલા પુરૂષો તેમને ધર્મ માર્ગમાં ગમન કરાવી શક્તા નથી, એટલે પછી સ્મરના સપાટામાં સપડાઈ જાય છે લાજ મુંકી દે છે, આછી અને વીરંગી સીંદુરી ઓઢી પોતાનું બદન બીજા પુરૂષોને દેખાડી તેમનું ચિત્ત ડામાડોળ કરે છે કુકર્મ કરે છે, ગર્ભપાત કરે, અને નાશી પણ જાય છે, એટલે કુળને લાન્છન લાગે છે તેના ભયથી કેટલાક ભોળા લોકો, સારા કુલીન વર સાથે પોતાની દીકરી પરણાવે ત્યાં પણ અવિદ્યા બાઇના વાસો અને શ્રીમંતનું ઘર હોય એટલે પોતાના ઘરમાંથી કંઈ થોડો ઘણો અવેજ આપી બીજા પુરૂષોનું ચિત્ત બગાડે પોતે પણ ખરાબ થાય અને થોડા વખતમાં પોતે મરે કે રાંડે—તો પણ એવા કુલીનપણાના ખોટા રાગમાં દોરાઇ કજોડું કરે, તેમાં પણ દુઃખનો તો દરિયાવ કુલીન ઘર જોવાની મુખાઇ,માં જન્મેકે તરતજ ઘોડીઆમાંથી વિવાહ થાય, એટલે મોટપણે આંધળાં લુલાં વિસ્વભાવી દુર્ગુણી કે વિગુણી નીવડે તોપછી જોઇ લ્યો તેમનો રગડો, તોએ પણ માબાપતો ગમે તેટલું ખર્ચ, અથવા ભવિષ્યનું દુઃખ થાય તો પણ પોતાનો દીકરો ઘોડીઆમાંથી ઝળપાયતો સારૂ, એમજ માને અને દીકરીનો બાપતો પોતાને સારૂં ઘર મળ્યું એટલે રાજી થઇ બેસી રહે એમ નહિ પણ પોતાનો જમાઇ મરી જાય અથવા હિણકમાઉ નીકળે તો દીકરી ખાય શું એ વિચાર લાવી વરકન્યા માટે અમુક રકમ બાળક વરના બાપ પાસેથી બીજે ઠેકાણે અનામત મુકાવે છે, અને વળી દીકરીની વધારે શોભા માટે જ્ઞાતિ રીવાજ ઉપરાંત વધારે દાગીના વરના બાપ પાસેથી લેવાની દીકરીનો બાપ ફરજ પાડે છે, તેને પણ વહીવટ તરીકે માંની જ્ઞાતિનું પંચ પણ દરમીયાન થાય છે, એટલે દીકરાનો બાપ તેમાંની એકે વાતની ના પાડી શકતો નથી, એટલે પલ્લાની, વર કન્યાની, અને વધારાના દાગીનાની રકમ પણ એટલી બધી ભારે હોય છે કે જો એક બાપને વધારે દીકરા હોય તો ભારે દેવાના બોજામાં આવવું પડે છે, આવા ખોટા જ્ઞાતિ રીવાજ વડે આવી પડેલા દેવાના બોજામાંથી છુટવાને કન્યા વિક્રય પણ કરે છે,

તેમાં પણ દીકરીનો પૈસો નરક સમાન સમજી નહિ વેનારાઓ પેલા વિક્રય કરનારાઓ કરતાં ગરીબ દશાને પામે છે, દાખલા તરીકે—જે મા બાપે પોતાની દીકરિયોના મોંઢે માગ્યા દામ લીધા હતા તેમના દીકરાઓ હાલમાં તે દામ વડે શ્રીમંતાઇનો સપાટો મારવા લાગ્યા છે અને જેમણે અંદ્યાપિ સુધી કન્યા વિક્રય ન કરતાં ઊક્ત જ્ઞાતિ વહિવટનાં મોટાં ખર્ચ વેંઠયાં છે, તેમની પાસે હવેથી તેવા મોટા ખર્ચાળ વહિવટ પુરા પાડવાને જોઇએ તેટલા દામ જણાતા નથી, અર્થાત ભીખારી જેવા થઈ જવા આવ્યા છે, તેમનો ધંધો રોજગાર પણ ભાગી પડયો છે, એટલે તેમને પણ કન્યા વિક્રય કરવાનો વખત દીલગીરીની સાથે નજીક આવતો અનુભવાય છે. પણ અહિંઆ દીકરીયો વેંચી દામડા જોયા એટલે તે શ્રીમંત માટે તેનું માન, અને પોતાની જાત કમાણી તેવા ખર્ચમાં પતાવી દીધી એટલે તે ભીખારી અને તેનું અપમાન, એ પણ કળીયુગનું પ્રાબલ્ય છે, વળી તેમાં પણ અધુરામાં પુરૂં એ છે કે વર કન્યાના રૂપૈયા તથા પલાની રકમ ઉપર પીતરાઈ, ગોત્રી, પંચ, રાજ્યનો કે, લ્હેણદારનો દાવો ચાલતો નથી અર્થાત તેની તો સ્ત્રી સ્વતંત્રપણે માલીક હોય છે એટલે પુરૂષ જીવતાં સુધી ઉપર કહ્યા પ્રમાણે ઘર સંસારના દુઃખની સાથે દેવાની પીડમાં પીડાતો, પેટ ભરીને અન્ન પણ નહિ ખાતો, જરા પણ ઠરીને નહી બેસતો અને ફાટયાં ચીથરાં ધારણ કરતો, જેનું વર્ણન પણ થઈ શકે નહી એવા દુઃખે દુઃખી થતો કાળ ધર્મને પામે છે, એટલે સ્ત્રી તો રાંડી એટલે જાણે ઘોડે પાખર માંડી—એમ થાય છે, કારણ કે પેલી પલા વિગેરેની રકમવડે તે અનેક પ્રકારનું તોફાન કરે છે પોતાના યારને પોતાની મીલકત સોંપે છે, તે પણ તે મીલકતને ઉડાવી ખાય છે, એટલે રાંડ પણ ભીખારી થઈ જાય છે, પછી વેસ્યાનો ધંધો કરી ગુજરાન ચલાવે છે, વળી કેટલીક સ્ત્રીયો તો પોતાના ધણીને જીવંતો મુકીને પોતાની મીલકત લેઈ પલાયન કરે છે, અથવા ખુલી રીત્યે ખુરાં કામ કરે છે, તેવા સેંકડો દાખલાઓ આપણે જોઇએ છીએ.

વળી કેટલાક શ્રીમંતોમાં પોતાના બાળકને એક કરતાં વધારે સ્ત્રીઓ પરણાવવાનો રીવાજ હોય છે, તે પણ માણસને નિર્વીર્ય કરનાર છે. ત્યાં એવા શ્રીમંતના ઘરમાં નવી વહુ આવી કે તરતજ તેને સાસુજીનાં ગુલામ થવુંજ પડે, તેમાં કદાચ તેમ કરે નહિ તો, તરતજ તે બીચારીની છાતી ઉપર શોકયનું શાલ લાવીને થોડી વારમાં ઉભું કરે છે, એટલે તેનો જન્મારો રદ થાય છે, આ વખતે બિચારી બાળા, છાની છાની શેકાયાં કરે છે; તેના દુઃખનો તો પારજ હોતો નથી, આ વાત તેણીના માબાપને તો તેનાથી કહેવાતી નથી, અને અંતર ગત અનેક પ્રકારની ચિંતાઓને ચિંતામાં ગુંગળીઆં ખાતી દુઃખ સાગરમાં ડુબી દયામણી દશાયે મરણ પામે છે તેમાં પણ કેટલીક તો આપઘાત કરે છે, કેટલીક તો "થાય તેવાં થઇયે તો ગામ વચ્ચે રહિયે" એ પ્રમાણે કરી બન્ને શોકયો માંહો માંહે લડે છે, પોતાના પિતાના કે શ્વસુરના કુળની મર્યાદા સર્વે પ્રકારે ભુલી જઇ, અનીતિ કરે છે, કાંમણ ટુંમણ કરવા કરાવવા જતી અને ભુવાઓને શોધે છે, તેમાં પણ આડે માર્ગે દોરાઇ જાય છે.

પુરૂષો, આવી પરંપરાથી ચાલતી આવેલી. ધિક્કારવા લાયક રીત ભાતને આધીન પણે નિર્વીર્ય બની, બાવરા, બની જાય છે. અને પોતાની બુદ્ધિને આડે માર્ગે દોડાવે છે. કાંતો પોતાની સ્ત્રીને પોતે ભણાવવાનો પ્રયત્ન કરેછે, આ વખતે તેની (સ્ત્રીની) ઉમ્મર પાકી થએલી હોય છે. જ્ઞાન બળ કરતાં સ્વભાવ બળ વધારે હોય છે. તેથી તે સ્ત્રી પોતાના સ્વભાવ બળને આધીન પણે સ્વેચ્છિત વર્તે છે, અર્થાત ભણવા ઉપર તેનું ચીત્ત ચ્હોટતું નથી, તેથી તેનુ ચીત્ત શીરીત્યે ભણવામાં જોડવું, તેનું તે મુર્ખાનંદને ભાંન હોતું નથી, એટલે તેને જુદી જુદી પ્રકારની વિષય લાલચો બતાવે છે, તેને લાભે થઇ તેની ગુલામગીરી કરેછે, તેની જાતે કરવાનાં જે જે કામ હોય છે તે પોતે બજાવેછે, તેવામાં તે ચાંપલી પોતાના અજ્ઞાન બળમાં અભિમાની બની પોતાના પતી પાસે જ ઘરનું ઘણું ખરૂં કામ કરાવે છે. અને પોતે તો પોતાના સ્વભાવ બળ પ્રમાણે આ-

છાછું અને રખડતી થવા શીખે છે અથવા પોતાના પતીને છેતરવા શીખે છે, વળી તેવામાં પુરૂષને કાર્ય જંજાળ વધારે હોય, અને પોતે તેની પાસે રહી શકે એમ અસકય હોય, તો પોતાના મહેતા, ગુમાસ્તા, કે ચાકરને પોતાની સ્ત્રીને ભણાવવાના કામમાં રોકે છે આથી ઘણા ખરા દુર્વૃત્તિ, મહેતા ગુમાસ્તા કે ચાકર શિક્ષકને ખોટો માર્ગ પકડવાનું કારણ મળી આવે છે, મુર્ખ અને ભોળા શેઠ તે વાતમાં જરા પણ શંકાતો નથી, ધોળે દીવસે શેઠની શ્રીમંતાઇનો ભપકો દેખાડવાનો ખોટો ડોળ ઘાલી વિષયી શેઠાણીઓ, પોતાના તેવા યારને પોતાની સાથેજ સર્વ જગોએ લેઇ જવા યુકિત પૂર્વક પોતાના પતિને સમજાવે છે, તેવામાં આ મૂર્ખ શેઠ સ્ત્રીચરિત્રનો અજાણપણે છેતરાઇ તે પ્રમાણે કરવાની રજા આપે છે; પેલો માણસ પછીથી બે ધડક પોતાને ગમે ત્યાં ગમે તેવું બાનું કાઢી લેઇ જાય છે, શેઠાણી બાઇ પણ ખુશીની સાથે પધારે છે, તેથી તેવા મહેતા, ગુમાસ્તા, ચાકર, કે ભુવાજતીનું* કામ થઇ જાય છે, અથવા તો શેઠનું અકાળ મત્યુ થાય છે.

વળી પોતાના બાળકોને શિક્ષણ આપવામાં અજ્ઞાન એવાં ઘણા ખરા ભોળા લોકો સહજ બાબતમાં પણ બાળકને ધમકા

---

* ધંધા રોજગાર વિનાના કેટલાક લુચ્ચા અને હરામીખોર વ્યભિચારિયો, ઘણી ખરી આવી ભોળી સ્ત્રીયોને, ફોસલાવી તેમને પુત્ર પ્રાપ્તિની વ્હેમી આશામાં દોરી પોતે અમુક દેવીના ભકત છે, એમ બતાવી બાધાઓ આપી પોતાની બુરી મુરાદ હાંસલ કરે છે અને વળી કોઇ કોઇ વખત પશુનો ભોગ આપવાનું તેવી મુર્ખ સ્ત્રીઓ સમજાવી તેમની મારફત પોતાની દેવી આગળ પશુ વધ કરાવે છે, (હાલ આ પ્રચાર દીન પ્રતિદીન વૃદ્ધિગત થતો અનુંભવાયછે.) આવી રીત્યે ભોળવાઇ જનારી સ્ત્રીયોમાંથી કોઇને પ્રારબ્ધ બળથી પુત્ર પ્રાપ્તિ થાયછે. તો પછી તેનો દાખલો લેઇ ઘણી મૂર્ખ સ્ત્રીયો પોતાના પતિ આગળ તેવા ધુતારાની પ્રતિષ્ઠા વધારી તેની બાધા રાખવાનો આગ્રહ કરી દીન પ્રતિદીન પજવે છે.

આવે છે તે ધીમે રહિને નહિ પણ એકદમ મોટેથી ધાંટો કહાડી ધમકાવે છે, તેથી પેલાં અજ્ઞાન બાળકો એકદમ ગભરાઈ જાય છે, આ વખતે તેના શ્વાસો શ્વાસ ઘણીજ ત્વરાથી ચાલે છે, તેથી બાળક નિર્બળ અને અલ્પ આયુષ વાળું થાય છે, કારણ કે પ્રાણી માત્રનું આયુષ શ્વાસો શ્વાસ ઉપર નિર્ણિતિ હોય છે, એટલે કે અમુક શ્વાસો શ્વાસનુંજ ગમન થાય ત્યાં સુધી તે પ્રાણીમાં પ્રાણ રહેવાનો, અને નિર્ણીત શ્વાસો શ્વાસ પુરો થયા કે તરતજ તે પ્રાણી પ્રાણ રહિત થવાનો, એવો સ્વભાવિક નિયમ છે. તેમાં પણ ક્રોધ, લોભ, માન, માયા, ભય, મૈથુન, શોક, હર્ષ, આળસ, ચિંત્તા, વ્યાધિ, વ્યસન ઇત્યાદિ વડે પ્રાણીનું આયુષ ઘટે છે અને ક્ષમા શાન્તિ, આર્જવ, માર્દવ, ઇત્યાદિ વડે પ્રાણીનું આયુષ વધેછે એમ પણ સર્વ સત્સાસ્ત્રો પ્રતિ–પાદન કરે છે તેનું કારણ પણ વિચારવા જેવું છે કે આધુનિક આપણી આયુષ ગણાવાની રીત આધુનિક ચાલતા કાળ કોષ્ટક પ્રમાણે પ્રચળીત છે એટલે (૬૦) પળની એક ઘડી, અને સાઠ ઘડીનો એક દીવસ ઇત્યાદિ ઈત્યાદિ. પણ શ્વાસો શ્વાસના આધારેતો અમુક શ્વાસોશ્વાસની એક ઘડી, અને પછીથી ચાલતા કાળ કોષ્ટક પ્રમાણે છે; તેથી ઉદાહરણ તરીકે એક વર્ષના આયુષવાળા પ્રાણીના અમુક સંખ્યા શ્વાસોશ્વાસ. નિર્ણીત (નર્ણય થ-યેલો) હોય, તેને ઉપરોક્ત. ક્રોધ, ભય, અને મૈથુનાદિમાં ફકત એક વર્ષના સર્વ શ્વાસોશ્વાસ પુરા કરીદે તો પછી થોડાજ કાળમાં એટલે હાલના ફકત ચાલતા કાળ કોષ્ટક પ્રમાણે એક વર્ષ પુરૂ થતાંની પહેલાં પણ તે પ્રાણીને પ્રાણ રહિત થવાનો સમય નજીક આવે, અને કદાચ ક્ષમા, શાન્તિ ઇત્યાદિ વડે ધીમે ધીમે અથવા યથા સ્વભાવે વહન કરેછે. અથવા શ્વાસોશ્વાસની ગતી ગુરૂદ્વારા જ્ઞાન મેળવી અતિ મંદ કરી દેતો, આપણા ચાલતા કાળ–કોષ્ટક પ્રમાણે એક કરતાં વધારે વર્ષ વ્યતિત થાય તો પણ તેને પ્રાણ રહિત થવાનો વખત આવે નહિ; માટે શ્વાસોશ્વાસ એ માણુસનું જીવનછે. વળી તેને માટે વધારે તપાસીએ તો માલમ પડેછે કે આપણે

જ્યારે બેઠેલા હોઇએ છીએ ત્યારે આપણા શ્વાસોશ્વાસ જે ગતિએ ચાલતા હોય છે તેના કરતાં જ્યારે આપણે કોઇની સાથે વાત કરતા હોઇએ છીએ ત્યારે વધારે ઝડપથી ચાલે છે, જ્યારે કામ કરતા હોઇએ છીયે. ત્યારે તેની ઝડપ વાત કરતાની વખત કરતાં વધે છે જ્યારે દોડતા હોઇએ છીએ ત્યારે તેના કરતાં વધારે ઝડપથી ચાલે છે, અને ભય વખતે તો તેથી પણ વધારે ઝડપથી ચાલેછે. આવી રીતે શ્વાસોશ્વાસ વધારે ઝડપથી પુરા થઇ જાય તો પ્રાણીનું આયુષ પણ વધારે ઝડપથી પુરૂંજ થઇ જાય છે. તેના પુરાવામાં ભય અને વ્યાધી વડે અકસ્માત મરનારા પ્રાણીયો, પોતાના બાકીના શ્વાસોશ્વસ પુરા કરે છે, ત્યારેજ તે પ્રાણ રહિત થાય છે. તેમને મરણ સમયે બહુજ તિવ્ર ઝડપથી ચાલનો શ્વાસ (ધાડા શ્વાસ) થાય છે અને તળવારથી કપાઇ મરનારને કંપારી રૂપ શ્વાસ (શ્વાસ વડે લેવાતા પવન વડેજ કંપારી થાય છે) એ વિગેરે અનેક દાખલા આપણે અનુભવીયે છીએ, તે સર્વ શ્વાસ અથવા પ્રાણનું ધોરણ સમજવું. અને તેજ ઊપરથી શાસ્ત્રો ક્રોધ, મૈથુન અને ભયાદિકનો નિષધ પ્રરૂપેછે, અને ક્ષમા અને શાન્તિ વડે પ્રાણસંયમ કે પ્રાણાયામનો વિધિ પ્રતિપાદન કરેછે. વળી બાળકને ધમકાવવાથી તે બીકણ થઇ જાયછે, કોઇ નવા કામનો પ્રારંભ તે કરી શકતો નથી, નિરૂદ્યમી બને છે, આખરે ગુલામગીરી કરવી પડેછે, તેવી દશામાં તેના વડે ઉત્પન્ન થએલી પ્રજા પણ તેવીજ નિર્વીર્ય, અને સામાન્ય જુસ્સા વિનાની બ્હીકણ નિવડે છે, એટલે બાળકને વિનાકારણે ધમકાવવાથી તેની કેટલી પરંપરા સુધી કેવું ભારે નુકસાન થાય છે, તે વિચારવા જેવું છે.

જ્યારે આખો દેશ ભય કે ગભરાટમાં આવી પડે છે ત્યારે તેનું પણ કેવું ભયંકર પરિણામ આવે છે, તેને માટે વિચાર કરીયે તો જ્યારે મુગલોનું જોર હતું, ત્યારે તેઓ હિંદુઓની દીકરીયો સાથે જુલમથી લગ્ન કરતા, પણ તેઓ પરણેલી કન્યા સાથે લગ્ન કરતા નહિ, તેથી હિંદુઓ મુગલોના ભયથી પોતાની દીકરીયોને ઊમ્મર

લાયક થતા પહેલાં તેની બાળ અવસ્થામાં તેને પરણાવી દેતા હતા. તે બાળ લગ્ન હાલમાં પરંપરાની રૂઢી રૂપે થઇ પડયુ છે. હવે તે સબંધી વિચાર કરીયે તો દશબાર વરસની ઉમ્મરમાંથી ઘર સંસાર ચલાવનાર બાળકને તેર ચૌદ અથવા તેથી પણ ઓછી ઉમ્મરમાં સંતાન પ્રાપ્તિ થાય છે. આ વખતે તે સંતાનની માતાના શરીરનો બાંધો લઘુ અને નાજુક હોવાથી તે સંતાન પણ લઘુ અને નિર્વીર્ય લગભગ માંદલું નીવડેછે, તેના વડે પોતાનું પણ ભવિષ્યમાં શુભ-ચેન થઇ શકતું નથી, તો પછી તેના વડે દેશ હિતની તો વાતજ શી?

આવી રીતે એક વખત ભરમાં આવી પડેલી પ્રજામાં બાળ લગ્ન નામનું અનર્થ કારક ઉંડુ મુળ જડ ઘાલી બેઠુંછે, તે નિર્મુળ થતું નથી, આ કંઇ એકજ જ્ઞાતીમાંછે એમ નહિ પણ સર્વે જ્ઞાતીમાં સામાન્ય રૂઢી રૂપ થઇ પડયું છે. તેમાં પણ જે જ્ઞાતિમાં પુનર્લગ્ન કરવાની છુટ હોય તે, તેમાં તો વળી છુટકા વિગેરેના રીવાજથી ત્રાસ દાયક પરિણામ આવે છે, દાખલા તરીકે તપાસીયે તો, ધણી મરેતો બિજો ધણી અને સ્ત્રી મરેતો બીજી સ્ત્રી એતો જાણે તેમની જ્ઞાતીના રિવાજ પ્રમાણે ઠીક છે, પણ કોઇ કોઇ ઠેકાણે તો એમ બને છે કે રાંડેલી સ્ત્રીના ઘરમાં પોતાનાં મોટી ઉમ્મરના છોકરાં હોવા છતાં બીજો ધણી ઘરમાં લાવવામાં આવેછે આ બનાવ માટે મોટાં અને સમજણી ઉમ્મરનાં છોકરાંને માટે આવી વ્યભિચારિણી માતાની ઘેર વર્ત્તણુંક તરફે કેવી લાગણી થતી હશે?

(૨) ધણી ધણીયાણીમાં તકરાર થયે અથવા સ્ત્રી માંદી, લુલી, કે આંધળી થયે તેનો છુટકો આપી કાઢી મુકવામાં આવે છે, અને બીજી સ્ત્રી લાવવામાં આવેછે આ વખતે તે સ્ત્રીનાં મોટી ઉમરનાં છોકરાંને પોતાની વહાલી માનો વિયોગ અને બીજી દ્વેષીલી શાવકી માતાના રક્ષણમાં રહેવું તે કેટલા ખેદનું કારણ થઇ પડતુ હસે? વળી તેવી રીતે કાઢી મુકેલી સ્ત્રી પોતે નિરાધાર હોવાથી તેના ઉપર કેટલા દુઃખનો દરિયાવ રેલેછે? એ વિગેરે ખાસ વિચારવા જેવું છે, વળી માહો માહે દ્વેષાદિક વડે એક જણની સ્ત્રીને ફોસ-

લાવી છુટકો કરી બીજો લેઈ જાય, બીજાની ત્રીજો લેઈ જાય એમ અનેક પ્રકારે તીવ્ર વૈર ભાવ કેળવે છે, પોતાનો ઉદ્યમ છોડી દેઈ દુશ્મનનું ખોદી નાખવાને મથ્યાં કરેછે કુળ પરંપરા સુધી તડ પાડી તને, મને, ધને, અને ધર્મે ભ્રષ્ટ થાય છે; એમ અનેક પ્રકારના અનર્થ પુનર્લગ્ન વડે પામે છે.

એકંદર સર્વ વાતનો વિચાર લાવીયે તો શ્રી સરસ્વતિને ભુલી જઈ અવિદ્યાનો આદર કરી બાથ બીડી બેસી રહેનારા ઠામ ઠામ નજરે પડે છે. ભલે ને ચાલતી લોક રૂઢી પ્રમાણે હાલની ચપાતી શાળાની કેળવણી મેળવી, ગુજરાતીમાં સાતમી, પસાર કરી સીનીયર થયા હોય અથવા-ઈંગ્રેજીમાં મેટ્રીક પાસ થઈને બી. એ. થયા હોય, અથવા સારસ્વતાદિ (વૈયાકરણીય) (ગ્રંથાધ્યયન) કરી, પંડીત, પુરાણી, વિદ્વાન, કવી, અને સારા કહેવાઈ હુંશિયારીનો ફાંકો ધરાવતા હોય તો પણ આ અનર્થ કારક બાળલગ્નની પરંપરાવડે નિર્વીર્ય હોવાથી પોત પોતાની લૌકીક અને પારલૌકીક ફરજો તેમનાથી જોઈએ તેવી રીતે અદા કરાવાની નહિ, પોત પોતાના વર્ણાચાર પાળી શકતા નહિ, શાસ્ત્રની મર્યાદાનો લોપ થવાનો, સદ સંસ્કાર આચ્છાદન થવાના, બ્રાહ્મણો-માંથી બ્રાહ્મણપણાનો નાશ થવાનો, ક્ષત્રીઓમાંથી ક્ષાત્રત્વનો નાસ થવાનો, વાણીઆઓમાંથી વણીકત્વનો નાસ થવાનો, શુદ્રોનું જોર વધી જવાનું, એટલે બ્રાહ્મણનું બ્રહ્મત્વ ત્યાગ થએ તેઓ જેની તેની દાક્ષીણ્યતા વાળા થઈ જવાના, વાણીયાઓ વ્યભિચારાદિ વડે નિર્ધન થઈ દેવાળાં કાઢવાના, ક્ષત્રીયો, રક્ષણ માટે પરાશ્રિતવાન થશે, પ્રાયે સામાન્ય દ્રષ્ટિએ જોતાં, થોડાજ કાળમાં આખો દેશ ખરાબ થઈ અનર્થ કરશે, અને ભિખારીયોને ભીખ પણ મળશે નહિ, બ્રાહ્મણોનો સત્કાર નહિ થાય, વાણિયાઓની પાસે સૌને પુરા પાડવા જોઈએ તેટલા ધીર ધાર કરવાના પૈસા પણ રહેશે નહિ, ક્ષત્રીયો બ્હીકણ થઈ જશે, ધર્મ મંદીરો ધુળધાણી થશે,

*આ ઠેકાણે જ્ઞાન રહસ્ય ઉત્તમ પ્રકારનું છે તે જ્ઞાતા સમજશે.

વ્યભીચાર વધશે, ચોરી અને જુલમ થશે, આયુષ ઘટી જશે, માણસો નિરાધાર, થશે નિરૂદ્યમી, થઇ પેટે પુરતો પણ ખોરાક ભાગ્યેજ મળશે, બોલે તેનાંજ બોર વેચાય એમ થશે, બુદ્ધિ બળ કરતાં જડત્વને લીધે મુર્ખત્વ વધી જશે, ન્યાયનું તો નખોદ જશે, સત્તા આગળ શાણપણ ગાંડપણમાં ખપશે, વીગેરે વીગેરે અનેક પ્રકારે અનર્થ કારક પરિણામ આવશે, એવી રીતે સામાન્ય રીતે વિચાર કરીએ તો સૃષ્ટિ સૌંદર્યની શોભાનો લય થશે, એ વિગેરે અનેક બાબતોના દુઃખનો દરિયાવ રેલવાની તૈયારીના ચિન્હો મુગલોના વખતમાં રોપાયેલા બાળલગ્નરૂપ અનર્થના બીજનું વૃક્ષ દીને દીને નવ પલ્લવ થઇ, તેના કડુક ફળ આપવાની તૈયારી સુચવનારાં વ્યભિચારાદી વધ્યાં છે તે સુચવે છે અવિદ્યા બાઇ તો ખડ ખડ હસે, વિદ્યા દેવીને કેટલાક આદર કરે છે, એટલો વખત તે ખુશી થાય છે, તોપણ તેને વારંવાર તજી દેવામાં આવે છે ત્યારે જરા ક્ષોભ પામે છે વળી કેટલાક તો તેનો માત્ર વેગળેથીજ આદર કરે છે, પાસે તો આવવા દેતાજ નથી, કેટલાક તો બીલકુલ તેને ગણકારતા પણ નથી, કેટલાક તો તેનો તિરસ્કાર કરે છે, કેટલાક તો તેની મશ્કરી કરે છે, કેટલાક તો તેના ઉપર દ્વેષ કરે છે, કેટલાક તો તેને દોષારોપણ કરે છે, તે વિગેરે અનેક કારણોથી તે બીચારી મુંઝાયાં કરે છે, તેને આશ્વાસન આપવાની જરૂર છે આ વાત માણસ માત્રે યથાર્થ જાણવાની છે, છતાં તેને કેટલાક જુદી રીતે જાણે છે, અવિદ્યા બાઇ હાકી કાઢવાજ માન આમંત્રણથી બોલાવતા હોય એવો ભાવ તો માત્ર થોડા ઘણા રાજા મહારાજા, ઠાકોર, ઠકરા, શ્રીમંત વિદ્વાન પંડીત, અને પુરાણી, વિગેરેમાં ગણાતાઓમાં થોડે ઘણે અંશે પૂર્ણ પ્રકાશીત અનુભવાય છે, પણ તેનો લાભ લેઇ અથવા તેનું અનુકરણ કરી સંપૂર્ણ રીતે સરસ્વતીનો આદર કરી, અવિદ્યાને હાકી મુકવામાં આવે તો પછી સરસ્વતી કે જેને મહાકાળી, મહાલક્ષ્મી, અને મહાસરસ્વતિ, એમ ત્રણે રૂપમાં માનેલી છે, તેમજ અનુભવ સીદ્ધ છે તેનો પ્રભાવ કેવો આશ્ચર્ય જનક આનંદ અને

સુખનું ભાન કરાવનાર છે, તે જણાઇ આવે દાખલા તરીકે વિચારિયે તો વિના ભણેલા કોળી અથવા બીજા માણસનો કોઈ ઇતબાર રાખતું નથી, અને ગમે તેવા કુળમાં ઉત્પન્ન થએલો એવો કોઇ પણ માણસ થોડું ઘણું ભણેલો હોય છે, તો તેને કોઇ પણ કામગીરી ઉપર રાખી શકાય છે તેનો ભરોસો રાખી કીલીદાર કે થોડા ઘણા કામનો વ્યવસ્થાપક બનાવી શકાય છે, તે કરતાં જેઓ વધારે ભણેલા હોય છે, તેમને મોટા રાજાઓ પણ સન્માન આપે છે, અધિકાર—એટલે સત્તા આપે છે, વખતે કુલ કુલાં અધીકાર આપે છે, ભણેલાઓ મોટા મોટા શ્રીમંતોના માનીતા થઈ તેમની રીદ્ધિ તેઓ પોતે ભોગવે છે, એ રીતે વિદ્યા વડે માણસ માત્ર અનેક પ્રકારનાં સુખ ભોગવે છે, વિદ્યા વડે, લક્ષણો, નિમીત્ત બતાવે છે, વિદ્યાવડે, માણસ પુજાય છે, વિદ્યા વડે માણસ પૈસા પેદા કરી શકે છે, વિદ્યા વડે માણસ જન સમુદાયમાં સરસાઇ ભોગવે છે, વિદ્યા વડે દેવતાઓ પણ તાબે થઇ માણસને નમસ્કાર કરે છે, વિદ્યા વડે મંત્રની સિદ્ધી થાય છે, વિદ્યા વડે બીજાના મનમાં રહેલી વાર્તાનું ભાન થાય છે. વિદ્યા વડે ધર્મારાધન થાય છે, વિદ્યા વડે મોક્ષ મેળવી શકાય છે, વિદ્યા વડે અમર પણ થઇ શકાય છે, માટે સામાન્ય પણે વિચાર કરીયે તો એવી જગતમાં એકે વસ્તુ નથી કે જે વિદ્યા વડે પ્રાપ્ત થઇ શકે નહિ? તોપણ માણસને વિદ્યા અભ્યાસ કરતાં થોડું ઘણું શીખતાની દરમીયાન વિદ્વતાનો કંઇ પણ ચમત્કાર અનુભવે કે તરતજ અવિદ્યા* મતિ બગાડે છે, પોતાના ધંધામાંને ધંધામાંજ મગ્ન રાખે છે; ધંધામાં જોડાયો કે વિદ્યા સંબંધે તેનો આગળ વધારો થવાજ દે નહિ, પછી તેનો મૂર્ખ માણસોની સાથે સંસર્ગ થવાથી તેની વૃત્તીયો પ્રતિ દીન મલીન થતી જાય છે, આખરે, વિદ્વાન હોવા છતાં પણ લોભી, દ્વેષી, ક્રોધી, વિગેરે બની અનર્થને પામે

---

*વસ્તુનું યથાર્થ જ્ઞાન, જે વડે અટકે છે અથવા આચ્છાદન થાય છે તેને અવિદ્યા કહે છે.—

છે, અથવા તો કાપટયને કેળવી પૈસો એકઠો કરી શ્રીમંત થાય છે, તેમાં મોજ, અને શોખ ભોગવે છે, શોખ વડે સત્યાનાશ વાળે છે, ગરીબોની અવગણના કરે છે, તેથી સૃષ્ટિ નિયમ પ્રમાણે કાંતો વિના પુત્રે મરણ પામે છે અથવા તો પુત્ર કે પુત્રી તેની હયાતીમાં વ્યભિચારી નિવડે છે, દેખીતું લાંછન લાગે છે, લોકો હસે છે વિગેરે વીગેરે અનેક પ્રકારે અવિદ્યાનો જુલમ તો ઠામ ઠામ પોતાની વિજય પતાકા ફરકાવે છે.

માટે આ સર્વ બાબતો વિવેકથી વિચારમાં લેતાં દરેક માણસને સદવિદ્યાની આવશ્યકતાં છે, એટલે હાલમાં શાળાઓમાં જે કેળવણી આપવામાં આવે છે, તે ઉપરાંત દરેક માબાપે, પોતાના બાળકને અથવા બાળકીને ગર શિક્ષણ તરીકે થોડાં ઘણાં સદ શિક્ષણની જરૂર જણાય છે, અને નિતી અને ધર્મનું ભાન બાળકને તેના બાળપણમાંથીજ કરાવવું જોઇએ એટલે, નાંનાં નિતીનાં પુસ્તકો* વાંચવાની ફરજ પાડવામાં આવે, અને પછી નિતીના પ્રથક પ્રથક વિષયો ઉપર તેમના હાથે નિબંધ લખાવવામાં આવે પછી, ધર્મ કથા શ્રવણ કરાવવી તેમાંથી વિવીધ તર્ક કરવાની તક આપવામાં આવે, અથવા શ્રવણ કરવામાં આવેલી ધર્મ કથા ઉપર ઇહાપાય વિગેરે વડે સામાન્ય અને વિશેષ જ્ઞાન આપી તેનો દ્રઢાવ કરાવામાં આવે, પછી, પદાર્થવિજ્ઞાન, ન્યાય, નિક્ષેપ, પ્રમાણ ભંગ, અને અપેક્ષા, વીગેરે અવશ્યની બાબતોનું બાળકોને ભાન કરાવવામાં આવે, વીગેરે વીગેરે પ્રમાણે સંપુર્ણ શિક્ષણ આપવામાં દરેક માબાપ ખંત રાખે તોજ આપણા બાળકો ન્યાય નિતીવાન, ધર્મશીલ, ધૈર્યવાન, કળા કુશળ, કીર્તિવાન, શ્રીમંત, ધીમંત અને સાત્વીક, પ્રકૃત્તિ વાળા થઇ પોતાનું, પોતાના, કુળનું, જ્ઞાતિનું, ગામનું, અને દેશનું ભલું કરવાને સમર્થ થઇ શકે, પણ તેના અભાવે એટલે સદવિદ્યા અને સદ શિક્ષણના અભાવે, સંપ વિગેરે સદગુણોનું અલ્પ બળ વૃદ્ધિગત પામ્યા વિના કુસંપાદિ દુર્ગુ-

*સદબોધ રત્નાકર તૈયાર છે. કિમત. રૂ. ૦–૬–૦

ણોની પ્રબળ સત્તાનો પરાજ્ય કરી કંઇ પણ દેશોત્કર્ષ કરી શકે એમ સંભવતુ નથી, માટે દરેક માબાપે પોતાના બાળકને નાના પ્રકારનાં નીતિ બોધક પુસ્તકો વાંચવાનો શોખ પાડવો જોઇએ, અને અનિતીનાં પુસ્તકો વાંચતાં અટકાવવાં જોઇએ, પછી અનુક્રમે, પદાર્થ વિજ્ઞાન વિગેરે બાબતોનો બોધ આપવો જોઇએ; પછીથી તે બાળકોને લગ્ન વિગેરે કરવું ઊચીત લાગે તો તેમ કરી ઘર સંસારમાં જોડવાં અને પછીથી પણ સદગુરૂ, હારાકથા શ્રવણ કરી પોતાનાં કર્તવ્યના નિશ્ચયો કરવા, અને તે પ્રમાણે વર્તવું અથવા જ્ઞાતવ્ય, પ્રાપ્તવ્ય, અને ગંતવ્ય સંબંધે દીન પ્રતિદીન પ્રયત્નવંત વર્તવું તે દરેક બાળકની ફરજ છે.

આ પ્રમાણે યથાર્થ શિક્ષણ લીધેલા માણસ પોતે ધીર વીર બહાદુર હોય છે, સર્વપર સમાન દ્રષ્ટી રાખવાને સમર્થ હોય છે, તે ક્રોધી, લોભી ઇત્યાદિ કોઇ પ્રકારનો દુરગુણી હોતો નથી, વળી તેનું હૃદય બળ દ્રઢ સામર્થ્ય વાળુ હોવાથી, પરસપર દ્વેષ ભાવને વધારનાર પર ગુણુ અથવા પરશ્રેય, અસહ્યાદિ, દુર્ગુણોનો પરાજય કરી શકે છે, વળી તેવાઓની સંખ્યા વધારે નિવડે તે સર્વેનો સમર્થ હૃદબળ સમુહ વડે બળ, લક્ષ્મિ, અને ગાંભિર્યાદીનો ઉદય થઇ, દુર્જય સંપનો અંકુર સ્ફુરી ઉઠે છે, અને તેવા દ્રઢ સુસંપ વડે પોતાને, કુળને, જ્ઞાતિને, ગામને, દેશને અને આખરે સગળા જન સમુદાયને કેટલો બધો ચમત્કારી ફાયદો થાય છે તે તો માત્ર વિષેશજ્ઞ ગમ્ય છે, પણ દાખલા તરીકે તપાસીયે તો હાલમાં અમેરિકાખંડના લોકો જે સર્વોપરી સુખ, સત્તા, બળ, બુદ્ધિ, પરાક્રમાદિ ભોગવી રહ્યા છે, તે દાખલો ઉક્ત બાબતના પુરાવામાં મજબુતી કરી આપે છે, તો પછી વધારે કયા દાખલાની જરૂર છે.

સમાપ્ત.

ॐ नमः सिद्धं.

ઇનામ—ઇનામ—ઇનામ.

યાદ રાખવું કે સૂર્ય હજુ તપે છે અને પરોપકારી તેમજ પ્રમાણીક પુરૂષ માટે હજી પૃથ્વી વાંઝણી થઇ નથી.

વિશ્વાસ આવેતો ખરીદો આ કાંઇ ખોટાં ગપ્પાં મારીને સ્વદેશ બાંધવો ને છેતરવાનો ધંધો નથી.

તત્વજ્ઞાન પ્રકાશ ભાગ ૧ લો.

આ પુસ્તક બાહાર પડ્યા પછી તરતજ બે માસની અંદર તેની પુષ્કળ નકલો ખપી ગઇ છે, એટલુંજ નહી પણ તેના માટે ઇડર-વડોદરા- જુનાગઢ; અને ભૂજ વિગેરે સ્થળોના રાજા મહારાજાઓએ તેના લેખકને ભારે ઇનામ તથા ઉત્તેજન આપ્યું છે, તેથી તે ઇનામની રકમ વડે સ્વદેશ બાંધવોને તેનો લાભ આપવા માટે તેની કીંમત જે રૂ ૧–૦–૦ રાખેલી હતી તે ઘટાડીને રૂ ૦–૮–૦ કરી છે અને તેની બીજી આવૃત્તિ જે છપાય છે તેની પણ તેજ કીંમત રાખવામાં આવશે. આ પુસ્તક સર્વ ધર્મ માન્ય છે, તેથી તેના બ્હોળા ફેલાવા માટે એક નવીન અને સ્વદેશ બાન્ધવોને અત્યંત લાભ પ્રદ યોજના ઉચિત્ ધારી છે.

“ राजा अरिजीतनी वार्ता.

અને

अध्यात्म बोध.”